



## અંબાજી યાત્રાધામ માઈ ભક્તોથી ઉભરાયુ

શક્તિ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી, આજે માં અંબાના ધામમાં ૧૮૦ કિલોમીટર દુરથી અમદાવાદથી નીકળેલો પ્રથમ સંઘ અંબાજી માતાજીના ચાચર ચોક આવી પહોંચ્યો હતો. અંબાજી મંદિર ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પાસે આવેલું ૫૧ શક્તિપીઠ પૈકીનું આદ્યશક્તિ પીઠ તરીકે જગવિખ્યાત ધામ છે. અંબાજી મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ મંદિર ગોલ્ડન શક્તિપીઠ તરીકે જગવિખ્યાત બન્યું છે. અંબાજીમાં આજથી ભાદરવી મહાકુંભ શરુ થઈ રહ્યો છે ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી મહામેળા પહેલા આ સંઘ અંબાજી ધામ આવી પહોંચ્યો હતો અને માતાજીના મંદિરમાં ૫૧ ગજની ધજા ખોલી ગરબા રમ્યા હતા. આમ હાલ અંબાજી ધામ ભક્તિમય બની ગયુ છે આજે અંદાજે ૨ લાખ કરતા વધુ માઈ ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા. અંબાજી ૫૧ શક્તિપીઠ પૈકીમાં આરાસુરવાળીનું ધામ છે આ મંદિરમાં માતાજીના 'વિશા યંત્ર'ની પુજા થાય છે આજથી અંબાજી મંદિર સવારે ૬:૧૫ થી રાતના ૧:૩૦ સુધી ખુલ્લું રહેશે અને બપોરે મંદિર ૪:૩૦ થી ૬:૩૦ સુધી બંધ રહેશે. આજે અંબાજી મંદિરમાં માઈ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું અને ભક્તો જયજય અંબેના નાદ સાથે અંબાજી આવી પહોંચ્યા હતા. આમ આજે આખુ અંબાજી ભક્તિમય બની ગયુ હતુ આજે અંબાજી મંદિર માં ભક્તો નું ઘોડાપુર ઉમટ્યું હતુ અને શક્તિદ્વાર થી ભક્તો દર્શન માટે લાઈન માં આવ્યા હતા, મંદિર તરફથી માઈ ભક્તોને કોઈ તકલીફ ના પડે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે સાંજે અંબાજી ખાતે કોટેજ હોસ્પિટલથી ખોડીવડલી સર્કલ સુધી ૧૦૮ની અલગ અલગ ગાડીઓ દ્વારા રીહેંસલ કરવામાં આવ્યું હતું.



## ડીસામાં રામદેવપીરના મંદિરે નેજા ચડાવાયા

ડીસા શહેરમાં ભાદરવા સુદ નોમ નિમિત્તે રામદેવપીરના મંદિરોમાં હવન અને નેજા ચડાવવાના કાર્યક્રમો હર્ષોલ્લાસ સાથે યોજાયા હતા. શહેરના જલારામ મંદિર સામે આવેલ રામદેવ મંદિર નથાવાસમાં આવેલ રામદેવપીરના મંદિરોમાં રાત્રે ભજન સત્સંગના કાર્યક્રમો પણ યોજાયા હતા અને મહાઆરતી તેમજ ભોજન પ્રસાદના કાર્યક્રમ પણ થયા હતા.

# પ્રાંતિજ ખાતે ભીલ સમાજ દ્વારા રામાપીરના નવનેજા સાથે કાઢેલ ભવ્ય શોભાયાત્રા

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ભીલ સમાજના મારવાડી ધર્મપ્રેમીઓ દ્વારા રામાપીરના નવનેજાની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. જેમાં પ્રાંતિજ ખાતે વર્ષોથી વસવાટ કરતા મારવાડી સમાજના ભાઈ બહેનો દ્વારા ધંધા રોજગાર બંધ પાડી શોભાયાત્રામાં જોડાયા હતાં.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી રામાપીરના મંદિરેથી ભાદરવા વદ નોમના દિવસે રામાપીર યુવક મંડળ તથા ભીલ-મારવાડી સમાજના લોકો દ્વારા નવનેજાની ભવ્ય શોભા યાત્રા કાઢી હતી. જેમાં રેલ્વે સ્ટેશનથી નીકળેલ શોભાયાત્રા ભાંખરીયા બસ સ્ટેન્ડથી ખોડીયાર કૂવા લાલ દરવાજા બજારચોકથી પરત રેલ્વે સ્ટેશન મંદિર ખાતે પરત ફરી હતી અને રામાપીરમાં અખૂટ શ્રધ્ધા ધરાવતા ભીલ સમાજના લોકોએ આ ઉત્સવની ઉજવણી દબદબાભેર સંપન્ન કરી હતી.



# રાજપુર ગામમાં શ્રી રામદેવ મંદિરમાં નેજા મહોત્સવમાં ભક્તો નેજા લઈ દૂર દૂરથી પહોંચ્યા

મોડાસા, તા. ૧૮

મોડાસા તાલુકાના રાજપુર ગામમાં અતિ પ્રાચીન એવા શ્રી રામદેવજી મંદિરમાં દર વર્ષે ભાદરવી નોમે નેજા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ડુંગરોની વનરાજી અને રમણીય કોતરોથી ઘેરાયેલા રામદેવપીર ભગવાનના નેજા મહોત્સવમાં અરવલ્લી-સાબરકાંઠા અને રાજ્યમાંથી મોટી સંખ્યામાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ પગપાળા નેજા લઈ મંદિરે પહોંચી નેજા ચઢાવી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બંને જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારેથી મોડી રાત્રી સુધી ઘોડાપુર ઉમટ્યું હતું અને આરાધના કરી હતી.





સાઈ ગ્રુપ આયોજીત ગણપતિ મહોત્સવમાં વેશભૂષા હરીફાઈમાં નાના બાળકોએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓ હાજર રહ્યા હતા. હરીફાઈમાં સ્વચ્છ ભારત અભિયાનો સંદેશો આપતુ પાત્ર ભજવી નિવાન નિરવ જોષી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. અને તૃતિય ઈનામ મેળવી બધાને સ્વચ્છતાનુ ઉદાહરણ પુરૂ પાડ્યું હતુ.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા અણુજાની પ્રથા યથાવત

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ક્ષત્રિય સમાજ દ્વારા અંણુજા પાડવામાં આવ્યા હતાં. જેમા પશુઓના રક્ષણ માટે વર્ષમાં એક વખત બળિયાદેવની બાધા આજે પણ કરવામાં આવે છે જે વર્ષોથી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્રયુગમાં પણ યથાવત છે.

પ્રાંતિજ નાની ભાગોળ મોટાવાસ ખાતે રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ-બહેનો દ્વારા બળિયાદેવના મંદિર ખાતે જઈને વર્ષોથી ચાલી આવતી પરમપરા મુજબ પોતાના પશુઓની તંદુરસ્તી માટે એક દિવસ માટે અંણુજા પાડવાં આવે છે.

જેમાં પશુ દુધનું વિતરણ કરવામાં આવતું નથી અને નાનાથી મોટા મહિલાઓ સહિત ખાતે જઈને બાધા પૂર્ણ કરવામાં આવે છે અને ત્યાર બાદ પરત આવી બહુચર મંદિર ખાતે ટોળાનું



કુલેર, ઉધના ટોડા બુંદી જેવી પ્રસાદ લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ બળિયાદેવના મંદિર હવન કરવામાં આવે છે અને ક્ષત્રિય સમાજના ભાઈ બહેનો દ્વારા પ્રસાદ લઈ છુટા પડે છે.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે રામદેવપીરની ધજા ચડાવાઈ

કાંકરેજ, તા. ૧૮

કાંકરેજ તાલુકાના આકોલી ગામે રહેતા બાબરસિંહ કમાજી વાઘેલાને ઘેર રામદેવપીરનું મંદિર આવેલું છે. જ્યાં વર્ષોથી ભાદરવા સુદ નોમના દિવસે સવારે વહેલા ધજા ચડાવવામાં આવેશે. જેમાં ગામના સરપંચ ભક્તો અને દર્શનાર્થે આવેલા તારા પરચા અપરમપાર સે રામા ચડોને રેવટે હાથમાં લિયો તીરવગડે વાણિયાની વ્હારે ચડ્યા ધન્ય ધન્ય રામપીર. રામાં થોરે દેવળે ચડે ગુગલના ધુપ નર અને નારી તુજને નમન કરે તને નમે મોટા ભુપ આકોલી રામદેવ મંદિરમાં ભારે ઉત્સાહિત થઈ ભક્તોએ ભજનની મોજ માણી હતી



પ્રજાજનો ખૂબ ભાવથી રામદેવપીરના મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવે છે અને સુખડી પેંડા શ્રીફળ તેમજ બુંદીનો પ્રસાદ ગ્રહણ કરે છે અને જય રામદેવરા જય રણુજાના ઘણી અને ઢોલ તબલા હાર્મોનીયમ મંજીરાની થોર સાથે ધજા ચડાવી હતી. આમ રામદેવપીર મંદિર ખાતે ભાદરવા સુદ નોમના પાવન અવસર પર ધજારોહણ કરવામાં આવી હતી.

# અંબાજી મંદિરમાં પ્રથમ સંઘ માતાજીને ધજા અર્પણ કરવા પહોંચ્યો

અંબાજી, તા. ૧૮

શકિત, ભકિત અને આસ્થાના ત્રિવેણી સંગમ એટલે શકિતપીઠ અંબાજી, આજે માં અંબાના ધામમા ૧૮૦ કિલોમીટર દુરથી અમદાવાદથી નીકળેલો પ્રથમ સંઘ અંબાજી માતાજીના ચાચર ચોક આવી પહોંચ્યો. અંબાજી મંદિર ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પાસે આવેલું ૫૧ શક્તિપીઠ પૈકીનું આદ્યશક્તિ પીઠ તરીકે જગવિખ્યાત છે. અંબાજી મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ મંદિર ગોલ્ડન શક્તિપીઠ તરીકે જગવિખ્યાત બન્યું છે. અંબાજીમાં આવતીકાલથી ભાદરવી મહાકુંભ શરુ થઈ રહ્યો છે ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી મહામેળા પહેલા આ સંઘ અંબાજી ધામ આવી પહોંચ્યો હતો અને માતાજીના મંદિરમાં ૫૧ ગજની ધજા ખોલી ગરબા રમ્યા હતા. આમ હાલ અંબાજી ધામ ભક્તિમય બની ગયુ છે. આમ આજથી ભકતોથી અંબાજી ધામ છલકાઈ ગયું હતુ.

અંબાજીમાં ૧૯ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર સુધી ભાદરવી મહાકુંભ યોજાય છે. આ મહામેળામાં ગુજરાત અને દેશભરમાંથી પગપાળા ચાલી લાખો કરોડો ભકતો અંબાજી માતાજીના ધામ આવી માતાજીને નવરાત્રીમાં પોતાના ઘરે પધારવા માટે આમંત્રણ આપવા આવે છે ત્યારે આજથી અંબાજી ધામમાં બોલ મારી જય અંબેના નાદ સાંભળવા મળ્યા હતા. આજે અમદાવાદ વ્યાસવાડીથી નીકળેલો સંઘ ૧૮૦ માણસો સાથે જય જય અંબેના નાદ સાથે ૫૧ ગજની ધજા લઈ અંબાજીમા આવી પહોંચ્યા હતા અને આ ભક્તો માતાજીના ચાચરચોકમાં ગરબા રમી ધન્યતા અનુભવી હતી. આ સંઘમાં મહિલાઓ, બાળકો અને પુરુષો આવે છે અને જય માતાજીના નાદ સાથે એકમના દિવસે અમદાવાદથી નીકળે છે ત્યારે આજે નવ દિવસે ૧૮૦ કિલોમીટર કાપી અંબાજી શક્તિપીઠમાં આવી પહોંચ્યા હતા.



# ધાનેરા રાજમંદિર પ્લાઝા ગણપતિ મહોત્સવમાં શ્રધ્ધા વાણીયાએ ધૂમ મચાવી

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ખૂબજ ઉત્સાહ સાથે ગણપતિ મહોત્સવની ઉજવણી થઈ રહી છે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ રાજમંદિર પ્લાઝા ખાતે ગણપતિના ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતની નામાંકિત કલાકાર શ્રદ્ધા વાણીયા દ્વારા ગણપતિના ગણપતિ નક ગુણગાન ગાઈ લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું. ધાનેરાના રાજમંદિર પ્લાઝા ખાતે આજે મિત્ર મંડળ દ્વારા ભવ્ય ગણપતિના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. ખુબ જ ઉત્સાહસાથે ગણપતિ મહોત્સવની ઉજવણી કરી હતી તો બીજી તરફ ગુજરાતની નામાંકિત કલાકાર અને ઉત્તર ગુજરાતમાં ધૂમ માચાવતી શ્રદ્ધા વાણીયા દ્વારા ગણપતિના ગુણગાન ગાઈ લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું.





## પ્રાંતિજમાં ગણેશ મહોત્સવની થઇ રહેલી ધામધૂમથી ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દુધાળા દેવ ભગવાન ગણેશની મૂર્તિ વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે અને સવાર-સાંજ ભગવાન ગણેશની આરતી ઉતારી પૂજા અર્ચના કરી ભક્તો દ્વારા ભગવાન વિધ્નહર્તાને રીઝવતા નજરે જોવા મળે છે. પ્રાંતિજ સહિત તાલુકામાં ભગવાન ગણેશની સ્થાપના કરવામાં આવી છે અને ગણેશ ભકતો દ્વારા દાદાને રીઝવવામાં આવે છે ત્યારે પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ પંડ્યા પોળ ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાપ્પાની મૂર્તિનું સ્થાપન કરી સવાર-સાંજ આરતી પૂજા કરવામાં આવે છે અને વિધ્નહર્તાને ભાવતા ભોજન પ્રસાદ સહિતની વિવિધ રીતે બાપ્પાને દસ દિવસ માટે પંડ્યા પોળ ગણેશ યુવક મંડળ દ્વારા સેવા કરવામાં આવે છે. આરતી બાદ ગણેશ ચોકમાં બાળકો સહિત મહિલાઓ ગરબે ગુમતા નજરે પડે છે.